# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / વૈજ્ઞાનિકશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/સંશો/ટિ.૩/૬૧૮૭/૧૨, તા. ૧૨/૯/૨૦૧૨ થી જુદી જુદી કમીટીઓની રચના કરવામાં આવી હતી. આ કમીટીના સભ્યશ્રીઓને આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતી વિવિધ સંશોધન યોજના અંતર્ગત અને એગ્રેસ્કો સબ કમીટીમાં મંજુર થયેલ તાંત્રિક કાર્યક્રમ મુજબ લેવામાં આવતા અખતરાઓની મુલાકાત અને મુલ્યાંકન માટે કામગીરી સોંપી હતી. ગયા વરસે અમુક કમીટીએ આ બાબતે ઘણી જ સારી કામગીરી કરી હતી અને તેમનો અહેવાલ અત્રેની કચેરીને સુપરત કરેલ. જયારે અમુક કમીટીના સભ્યોએ આ બાબતે નિષ્કાળજી દાખવી છે. આથી દરેક કમીટીના અધ્યક્ષ અને સભ્યોને ફરીથી જણાવવાનું કે આ વરસે પણ સદર કામગીરી કરવાની રહેશે. ઉપરોકત કાર્યાલય આદેશમાં જણાવ્યા મુજબ દરેક કમીટીએ જે તે સીઝનમાં સબંધિત વિભાગ / કેન્દ્ર ખાતે લેવામાં આવતા અખતરાનું તબકકા પ્રમાણે એક થી બે વખત મુલાકાત લઈ તેનો ટૂંકો અહેવાલ રજુ કરવાનો રહેશે. જરૂર જણાય ત્યાં કમીટીના સભ્યોએ અખતરો લેનાર સબંધિત વૈજ્ઞાનિકશ્રીને ટેકનીકલ જરૂરી સલાહ સૂચન અને માર્ગદર્શન આપવું. કમીટીના અધ્યક્ષશ્રીને જણાવવાનું કે જે તે વિભાગ / કેન્દ્ર ખાતે મુલાકાત લેતા અગાઉ સબંધિત વૈજ્ઞાનિકને આગોતરી જાણ કરવી જેથી મુલાકાત વખતે તે હાજર રહે.

જા.નં. આકૃયુ/સંનિ/ટી.૩/ 6304 /૧૩,
તારીખ ૨૭ / ૯ / ૨૦૧૩

(signature)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના</u> :

(૧) દરેક કમીટીના અધ્યક્ષશ્રી તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ.

(૨) કમીટીના સભ્યશ્રીઓ તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ.

(૩) સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ મુલાકાત લેનાર કમીટીના સભ્યશ્રીઓને યોગ્ય સહકાર આપવા માટે.

(૪) મા. કુલપતિશ્રીના અંગત રહસ્ય સચિવ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ થવા સારૂ.

D:\2013-14\T.3\all circular.doc